# ધોરણ - ૧૦

## વિષય – ગુજરાતી

## સ્વાધ્યાય

### પાઠ – ૨૧

# ચાંદલિયો

શિક્ષણ સાગર
shikshansagar.com
The King of Education



વિધાર્થીનું નામ :

શાળાનું નામ :





# ચાંદલિયો

Page No.
DATE: / /

પ્રકાર : લોકગીત
સંદર્ભ : 'રઢિયાળી રાત' માંથી

આસો માસો શરદ પુનમની રાત જો,
ચાંદલિયો ઊગ્યો રે સખી મારા ચોકમાં,

સસરો મારો બોલ્યા જલમનો બાપ જો,
સાસુ રે બોલ્યા જલમની માવડી.

જેઠ મારો અષાઢિલો મેઘ જો,
જેઠાણી ઝબુકે વાદળ વીજળી.

દેર મારો ચાંપલિયાનો છોડ જો,
દેરાણી ચાંપલિયા કેરી પાંદડી.

નણંદ મારી વાડી માયલી વેલ જો,
નણદોઈ મારી વાડી માયલો મોરલો.

પરણ્યો મારો સગી નણંદનો વીર જો,
તાણીને બાંધે રે નવરંગ પાઘડી.
('રઢિયાળી રાત' માંથી)

## શબ્દ - સમજૂતી

ચોક - આંગણ
જેઠ - પતિનો મોટો ભાઈ
નણંદ - પતિની બહેન
વીર - ભાઈ
ચાંદલિયો - ચંદ્ર
જલમ - જનમ
ચાંપલિયો - ચંપાનો છોડ
કેરી - ની

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com
Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



# સ્વાધ્યાય

1. 1) કાવ્યનાયિકાએ દિયર અને દેરાણી માટે ચંપાનો છોડ અને ચંપાની પાંદડીનાં રૂપક વાપર્યાં છે. આ રૂપકો....
→ દિયર-દેરાણી માટે કાવ્યનાયિકાનો પ્રેમ દર્શાવે છે.

2) સગી નણંદના વીર સાથે કાવ્યનાયિકાનો કયો સંબંધ છે?
→ પતિનો

3) આ લોકગીતમાં ચાંપલિયાની પાંદડી કોને કહી છે?
→ દેરાણી

2. 1) નણદોઈ વિશે આ લોકગીતમાં શું કહેવાય છે?
→ આ લોકગીતમાં નણદોઈને વાડીમાંનો મોરલો કહ્યો છે.

2) સાસુ અને સસરા માટે કાવ્યનાયિકા પોતાનો પ્રેમભાવ કેવી રીતે વ્યક્ત કરે છે?
→ સાસુ અને સસરા માટે કાવ્યનાયિકા પોતાનો પ્રેમભાવ પૂર્વજન્મનાં માતા-પિતા કહીને વ્યક્ત કરે છે.

3. (1) આ લોકગીતને આધારે રાત્રિનું વર્ણન કરો.

શરદપૂનમની રાત છે. સોળે કળાએ ખીલેલો ચંદ્ર કાવ્યનાયિકાના ચોકમાં આણે ઊગ્યો. હોય તેમ વાતાવરણ શીતળ મધુર અને રમ્ય છે. એ મધુર, રમ્ય રાત્રિના આનંદની ઉત્કટતાની લીધે સ્ત્રી પુરુષો ગરબે રમે છે.

(2) કાવ્યનાયિકા સખીને પોતાના પતિ વિશે શું કહે છે?

કાવ્યનાયિકા સખીને 'પોતાનો પતિ' એમ નહિ, પણ 'પરણ્યો મારો' એમ કહે છે. એમાં પતિ પ્રત્યેનાં મમત્વ, પ્રેમ, અધિકાર તેમજ ગૌરવ પ્રગટ થાય છે. 'પરણ્યો મારો સગી નણંદનો વીર જો.' આ શબ્દોમાં તેણે નણંદ પ્રત્યેનો આદર મળ્યો છે, તેનું ગૌરવ કર્યું છે. આમ આ શબ્દોમાં તેણે ભાઈ-બહેનના મધુર સંબંધની પ્રશંસા કરી છે

Scanned with OKEN Scanner

શિક્ષણ સાગર · The King of Education · shikshansagar.com



4. 1) સ્વજનો માટેનો કાવ્યનાયિકાનો ભાવ 'ચાંદલિયો' લોકગીતના આધારે વર્ણવો.

મધુર કંઠે શરદપૂનમની રાતે 'ચાંદલિયો' લોકગીત ગાતા કાવ્યનાયિકાએ એક-એક શબ્દમાં સ્વજનો પ્રત્યેની લાગણીને વાચા આપી છે. સાસુ સસરા એનાં પૂર્વજન્મના માતા-પિતા છે. એના જેઠ અષાઢ મહિનાના વરસાદ જેવા છે. તો જેઠાણી અષાઢની ઝબૂકતી વીજળી જેવી છે. એનો દિયર ચંપાનો છોડ છે. અને દેરાણી એ છોડની નાજુક પાંદડી જેવી છે. નણંદ એની વાડીની વેલ છે. અને નણદોઈ એની વાડીમાંનો મોર છે. કાવ્યનાયિકાએ એક-એક સ્વજનની ખૂબ સુંદર તુલના કરી છે. અંતમાં 'પોતાનો પતિ' એમ કહેવાને બદલે 'પરણ્યો મારો સગી નણંદનો વીર જો' આવા શબ્દો પ્રયોજ્યા છે. મારો પોતાનો ખરો પણ એનો પહેલાં એ એની બહેનનો વીર છે. આમ કહીને કાવ્યનાયિકાએ ભાઈ-બહેનના મધુર સંબંધની મોકળાશને મહત્ત્વની ગણી છે. અંતમાં તેના હૈયામાં તાણીને નવરંગ પાઘડીમાં શોભતા રૂપાળા પ્રભાવશાળી પતિને પામ્યાનો આનંદ છે. આમ, શરદપૂનમની રાતે ચોકમાં ચાંદલિયો ઊગ્યો અને સુખદ વાતાવરણ સર્જ્યું તેનું મધુર વર્ણન કાવ્યનાયિકાએ તેની સખી પાસે કર્યું છે. આ લોકગીતમાં કાવ્યનાયિકાએ તેની સાસરીમાં સુખી છે તેનો અણસાર પણ આપી દીધો છે. કૌટુંબિક જીવનના મધુર સંબંધોનું આ ભાવો અત્યંત સુંદર છે

5. 1) નવરંગી વાળી પાઘડી પહેરે છે
-> તાણીને બાંધી રે નવરંગ પાઘડી

2) મારા નણંદ વાડી માંની વેલ જેવા છે.
-> નણંદ મારી વાડી માયલી વેલ્ય જો

3) આસો મહિનાની પુર્ણિમાની રાત્રી છે.
-> આસો માસો શરદ પુનમની રાત જો

# HIKSHAN SAGAR

## ( શિક્ષણ સાગર )

## એપ્લીકેશન ની વિશેષતા


આ એપ્લીકેશન મુખ્ય ત્રણ વિભાગમાં વહેચવામાં આવી છે .

૧. ટીચર  ૨. વિદ્યાર્થી
૩. ટીચર હેલ્પ ડેસ્ક

ટીચર – ઓનલાઈન હાજરી , MDM હાજરી , SAS ગુજરાત , ગુણોત્સવ પોર્ટલ , જ્ઞાનકુંજ પ્રોજેક્ટ , GSHALA લોગીન , આધાર ડાયઝ એન્ટ્રી , શિષ્યવૃત્તિ ઓનલાઈન હાજરી , ખેલ મહાકુંભ એન્ટ્રી , ઈન્સ્પાયર એવોર્ડ એન્ટ્રી , CPF ચેક કરો , ઓનલાઈન PLI – LIC ભરો .

અમારા શિક્ષણ સાગર વોટ્સઅપ ગ્રુપમાં જોઈન થાઓ.

શિક્ષણ સાગર
JOIN GROUP



વિદ્યાર્થી – પાઠ્યપુસ્તક , પાઠ આયોજન , શિક્ષક આવૃત્તિ , સ્વ અધ્યયનપોથી , ઓનલાઈન MCQ , યુનિટ ટેસ્ટ , એકમનું સ્વાધ્યાય , MP3 કાવ્ય , અધ્યયન નિષ્પતી , અધ્યયન નિષ્પતી આધારિત પ્રશ્નો , સંદર્ભ સાહિત્ય અને આ બધું પાઠ વાઈઝ

ટીચર હેલ્પ ડેસ્ક – શિક્ષક ઉપયોગી મટેરિયલ્સ , તમારું બનાવેલું મટેરિયલ્સ અમને આપો , તમારે જે મટેરિયલ્સ જોઈએ તે અમને કહો , મૂંઝવણ અને માર્ગદર્શન .

અમારા શિક્ષણ સાગર એપ્લીકેશન પ્લે-સ્ટોર માંથી ડાઉનલોડ કરો.

JOIN
શિક્ષણ સાગર
APPLICATION